

ओ३म्

कृण्वन्तो विश्वमार्यम्

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન



યજ્ઞો વૈ શ્રેષ્ઠતમં કર્મ

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol. 4 Issue 1 September 2020 Ahmedabad,(Gujarat)
Page : 32, Rs,100 Annual

## कृण्वन्तो विश्वमार्यम्

आर्य समाज





















## यज्ञो वै श्रेष्ठतमं कर्म



# આર્ય વૈદિક દર્શન

આર્ય વૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા , જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ , આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી કવાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોધઃ ૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામઃ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઈન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ – તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા.

Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में सर्वदा उद्यत रहना चाहिए ।

RNI NO. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવતઃ ૧,૯૬,૦૮,૫૩,૧૨૧
વિક્રમ સંવત : ૨૦૭૬
વર્ષઃ ૪ (સળંગ વર્ષ ૩૯)
અંક : ૧, (સપ્ટેમ્બર - ૨૦૨૦)
સંપાદક : સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં. ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક : આર્યસમાજ - ટંકારા
મોબાઈલ નં. ૮૯૮૦૮૦૮૦૭૧
વ્યવસ્થાપકઃ પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશકઃ ગુજ.પ્રા.આર્ય.પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય : આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા
મુદ્રકઃ નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ
ફોનઃ ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર :
વાર્ષિક : રૂ. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂ. ૧૭૫/-
ત્રિવાર્ષિક : રૂ. ૨૫૦/-
આજીવન : (૧૦ વર્ષ) રૂ. ૮૦૦/-
૧ પ્રત : રૂ. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

तमोऽयं तु समाश्रित्य चिरं तिष्ठति सेन्द्रियः ।
न च स्वं कुरुते कर्म तदोत्क्रमति मूर्तितः।

मनु. ५५

यह जीव तो अज्ञान का आश्रय कर इन्द्रियों सहित बहुत समय तक रहता है किन्तु अपने कर्म नहीं करता है फिर उसके पश्चात् शरीर से निकल जाता है ।

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| જિજ્ઞાસા સમાધાન | ૬ |
| યોગીરાજ શ્રીકૃષ્ણ ગુણોના ભંડાર | ૮ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૧૧ |
| વેદ પ્રવચન | ૧૩ |
| ગૃહસ્થીઓનો વ્યવહાર | ૧૯ |
| ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ | ૨૦ |
| ઘનઘોર જંગલમાં | ૨૬ |
| સ્વર્ણ પથ | ૩૦ |

## આધ્યાત્મિક ચિંતન

### ओमकार व्याख्या
પં. ધર્મેન્દ્ર શાસ્ત્રી, આર્યસમાજ - ભાવનગર

परमपिता परमेश्वर का यह 'ओ३म्' नाम तीन अक्षरों के संयोग से बनता है। इस ओ३म् शब्द की निष्पत्ति अ+उ+म् इन तीन अक्षरों से होती है। ऋषिवरने ओ३म् शब्द की विवेचना करते हुए अकार से विराट्, अग्नि और विश्वादि, उकार से हिरण्यगर्भ, वायु और तेजसादि तथा मकार से ईश्वर, आदित्य और प्रज्ञादि नामों का ग्रहण किया है।

पूज्य गुरुवर स्वामी सर्वदानन्दजी महाराज ने अकार से ईश्वर, उकार से जीवात्मा तथा मकार से प्रकृति अर्थ ग्रहण किया है।

वह त्रिगुणात्मक जो 'ओ३म्' है । वह अव्युत्पन अव्यय माना गया है । उत्पन्न 'ओ३म्' की स्थिति इस प्रकार है। ''ओ३म् उद्गीथ: प्रणवश्च'' अर्थात् 'ओ३म्' उद्गीथ और प्रणव है। ये तीनों समानार्थक है। इनका वाच्यार्थ एक जगदीश्वर है, इनमें से 'ओ३म्' शब्द तो अत्यन्त प्रसिद्ध एवं व्यवहृत है। छान्दोग्योपनिषद् में भी इसको उद्गीथ कहा गया है। क्योंकि 'ओ३म्' के प्लुत उच्चारण के पश्चात् ही वेद मन्त्रों का गायन किया जाता है ।

अत: यह उद्गीथ नाम से संबोधित किया जाता है। 'ओ३म्' को ही प्रणव कहा गया है। व्युत्पत्ति के आधार पर 'ओ३म्' शब्द रक्षणार्थ अव धातु से मलिन प्रत्यय करके व्युत्पन होता है । अव धातु का मुख्य अर्थ रक्षा ही है किन्तु इसके कुल अर्थ १९ हैं।

(१) रक्षण - साक्षात् अथवा परमपरागत संबन्ध से सबका रक्षक।

(२) गति - ज्ञानपूर्वक संसार मर्यादा चलाने के लिए सर्वथा प्रयत्नकार प्रसारक, गति शब्द के तीन अर्थ अभिप्रेत हैं (क) ज्ञान (ख) गमन (ग) प्राप्ति। इस आधार पर ज्ञान शब्द का अर्थ होगा सर्वदा सर्व वस्तुओं का ज्ञाता, गमन शब्द का अर्थ सदा स्थिर स्वभाव होने पर भी संसार चक्रों का संचालक, प्राप्ति शब्द का अर्थ व्यापक होने से सर्वत्र विद्यमान, सदा सब को प्राप्त ।

(३) कान्ति - इच्छा रहित होने पर भी जीवों की इच्छा पूर्ति का निमित
(४) प्रीति - आनन्दस्वरुप होने से सबके प्रीति का स्थान
(५) तृप्ति - स्वयं शान्तस्वरुप होते हुए भी सदा भक्तों के लिए हर सुख उत्पादक
(६) अवगम - मंगलस्वरुप होने से मुक्ति का प्रदाता
(७) प्रवेश - सुक्ष्मतम होने के कारण सबका अन्तरात्मा में विद्यामान
(८) श्रवण - श्रोत्रेन्द्रिय का निर्माता होने से स्थुल सुक्ष्म, गुप्त और प्रकट शब्दों का श्रावक
(९) स्वाम्यर्थ - सबका स्वयं अधिपति होने से सबका स्वामी
(१०) याचन - सर्वैश्वर्य संपन्न होने सदा सबका रक्षक, सहायक सबकी याचना का स्थान
(११) क्रिया - क्रियामान जगत् का निर्मापक होने से ज्ञानपूर्वक क्रियाकार संचारक
(१२) ईच्छा - स्वयं ईच्छा रहित होने पर भी जीवों के निमित्त शुभ श्रद्धा का प्रकाशक
(१३) दीप्ति - तैजसस्वरुप होने से अविद्या अन्धकार का विनाशक
(१४) अवाप्ति - अतीन्द्रीय अतिसूक्ष्म और अप्रत्यमान होने से भी शुद्धान्तकरण में सबका सम्बन्धि
(१५) अलिंगन - व्याप्त व्यापक भाव सम्बन्ध से सदा सर्वत्र पूर्ण होने से सबका सम्बन्धि
(१६) हिंसा - यथार्थ रुप से वेद मर्यादा को पालन करने वाले पुरुषों के अज्ञान, विपरीत ज्ञान, वैर विरोधादि दुःखोत्पादक दोष विनाशक
(१७) दान - सृष्टि समय काल से ही सुख साधन पदार्थों और उपयोग में लाने के निमित्त पदार्थ बोध का दाता
(१८) भाग - प्रलय समय समस्त संसार का विभाजक अर्थात् दृश्यमान स्थूल जगत को सूक्ष्म अदृश्य करने का हेतु
(१९) वृद्धि - उत्पति काल में रचनार्थ सुक्ष्म प्रकृति को बढाने स्थुल पथ में लाने और जीवों के कर्म फल भुगाने का निमित्त

# જિજ્ઞાસા - સમાધાન

**જિજ્ઞાસા :-** કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિથી અજાણતા થયેલ દોષના કારણે વિકલાંગ થઈ ગયો અને જીવનભર દુઃખ ભોગવવું પડયું તો પીડિતને ક્યાં પાપનું અથવા દોષનું જીવનભર દુઃખ (ફળ) મળ્યું?

શું અજાણતા જેનાથી દોષ થયો તેને આનો દંડ મળશે? જો મળશે તો શા માટે? કારણ કે આ કર્મમાં તેની કામના ન હતી અને એવું પણ બની શકે કે હિતની ઈચ્છામાં તેના દ્વારા અહિત થઈ ગયું હોય.

**સમાધાન :-** કોઈ અન્ય દ્વારા જાણતા-અજાણતા થયેલ દોષથી જે કોઈની હાનિ થાય છે તે હાનિ કર્મનું ફળ નથી પરંતુ કર્મનું પરિણામ છે. જેની હાનિ થઈ છે તેના જે પાપ કર્મ છે તેનું ફળ આગળ મળવાનું છે તે ફળમાંથી તેટલાં અંશમાં ઈશ્વર ઓછું કરીને આપશે. કારણ કે, તે બીજા દ્વારા કરવામાં આવેલ હાનિથી ભોગવી રહ્યો છે. જો આવા પાપ કર્મ ન હોય તો પરમેશ્વર તેની ક્ષતિપૂર્તિ કરશે. આ જન્મમાં અન્ય સુખ સુવિધાઓ પ્રાપ્ત કરાવીને અથવા આગળના જન્મમાં આપીને. કોઈએ અજાણતામાં દોષ કરેલ છે તેમને નિશ્ચિત રૂપે દંડ મળશે. પછી ભલે તે કર્મમાં તેમની ખરાબ-હાનિ કરાવાની કામના ન હોય, કારણ કે તે કર્મને કરવામાં તેની અજ્ઞાનતા કામ કરી રહી હતી. જે પણ જ્ઞાન અથવા અજ્ઞાનતાથી કર્મ કરવામાં આવે છે તેમનું ફળ પરમેશ્વર અવશ્ય આપે છે. મહર્ષિ દયાનંદજીએ પણ 'વ્યવહારભાનું'માં ભાવ વ્યક્ત કરતા કહ્યું છે કે બે વ્યક્તિ કૂવામાં પડયા, એક જાણતા અને બીજો અજાણતા. આ બંનેના હાથ-પગ તો તૂટશે જ. ભલે જાણતા કે અજાણતા કૂવામાં પડયા હોય.

**જિજ્ઞાસા :- 'મૈથુનાદ્ ગર્ભવિકૃતિઃ'** ભાવપ્રદીપના અનુસાર સંઘ્યા કાળમાં કરવામાં આવેલ મૈથુનથી વિકૃત ગર્ભ રહે છે, પરંતુ શંકા એ ઊઠે છે કે વિકૃત ગર્ભ કોના કર્મનું ફળ છે? શું ગર્ભસ્થ આત્માના પૂર્વ જન્મના પાપકર્મનું ફળ હશે કે માતા-પિતાએ સંઘ્યા કાળે કરેલ મૈથુનનું ફળ હશે? જો આ વિકૃતિ માતા પિતાના કર્મનું ફળ હોય તો નિર્દોષ ગર્ભસ્થને શા માટે દંડ મળે? તો માતા-પિતા દોષી ગણાય કે નહીં?

**સમાધાન :-** સંધ્યા કાળે મૈથુન કરવાથી વિકૃત ગર્ભ રહેતુ હોય એવું લાગતું નથી તેમ છતા આવું કરનાર માતા-પિતા જ દોષી છે જે શાસ્ત્રાજ્ઞાનું પાલન કરી રહ્યાં નથી. હવે વાત રહી વિકૃત ગર્ભની તો પરમેશ્વર પણ એવા માતા-પિતાની પાસે એવા જ પ્રકારની આત્મા મોકલશે, જેના કર્મ જ વિકૃત ગર્ભવાળા હોય. માની લઈએ કે સારી આત્મા ગર્ભમાં આવી ગઈ અને પછી ગર્ભ વિકૃત થઈ ગયો તો કોના કર્મનું ફળ? અહીં પુણ્યાત્મા આવી છે તો જાણવા મળે છે કે આના તો આવા કર્મ ન હતા, તેમ છતા પણ તે આત્માની હાનિ થઈ છે તો પરમેશ્વર તેની ક્ષતિપૂર્તિ કરશે અને જો વિકૃત ગર્ભ માતા-પિતા અથવા કોઈ અન્યના દ્વારા થયો હોય તો તે દોષી છે તેને પરમેશ્વર દ્વારા દંડ મળશે જ.

**જિજ્ઞાસા :-** વર્તમાનની સ્થિતિ જોઈને એવું લાગે છે કે થોડા સમય પછી ઈશ્વર માત્ર જાતિ જ આપી શકશે. તેમાં કનિષ્ઠ, મધ્યમ, ઉત્તમ આપી શકશે નહીં. ઉપરાંત સ્ત્રી-પુરુષનો ભેદ પણ આપી શકશે નહીં. કારણ કે બધી જ સમસ્યાઓનું સમાધાન થઈ રહ્યું છે, તો ઈશ્વર કર્મફળની વ્યવસ્થા કેવી રીતે કરી શકશે?

**સમાધાનઃ-** વર્તમાનની સ્થિતિ જોઈને એટલું નિરાશ થવાની જરૂર નથી કે આજે પ્રત્યેક સમસ્યાઓનું સમાધાન થઈ રહ્યું છે, એવામાં ઈશ્વર કર્મફળ કેવી રીતે આપી શકશે? વર્તમાનમાં અથવા ભવિષ્યમાં દરેક સમસ્યાનું સમાધાન જીવાત્મા કરી લે એવું સંભવ જ નથી. કારણ કે, જીવાત્મા અલ્પજ્ઞ છે. સમાધાન તો સર્વજ્ઞ પરમેશ્વર જ કરી શકે છે. તમે લખ્યું થોડા સમય પછી પરમેશ્વર માત્ર જાતિ જ આપી શકશે. તેમાં પણ કનિષ્ઠ, મધ્યમ, ઉત્તમ આપી શકશે નહીં. એવું નથી, કારણ કે કોઈ ગમે તેવી સમાનતા બનાવવા ઈચ્છે તો પણ બધુ સમાન થઈ જ ન શકે. કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ તો રહેશે જ, કારણ કે બધી આત્માઓને પોત પોતાના અલગ-અલગ સંસ્કાર છે એટલે બાહ્ય રૂપથી અથવા આંતરિક રૂપથી બધું સમાન થઈ શકે નહીં. હવે રહી સ્ત્રી-પુરુષ ભેદ ન રહેવાની વાત તો આ પણ અસંભવ છે. તમે જ માનો છો કે લિંગ પરિવર્તન કરાવીને કોઈ સ્ત્રી-પુરુષ બને છે તો કોઈ પુરુષ સ્ત્રી, અહીં ભેદ તો આવી જ ગયો ભલે બધી સમસ્યાઓનું સમાધાન થઈ રહ્યું હોય તેમ છતા પણ ઈશ્વરને કર્મફળ આપવામાં કોઈ બાધા રહેશે નહીં, કારણ કે પરમેશ્વર સર્વશક્તિમાન છે. નવી-નવી સમસ્યાઓ અને નવા-નવા રોગ પણ ઉદ્‌ભવી રહ્યા છે.

# યોગીરાજ શ્રીકૃષ્ણ - ગુણોના ભંડાર

યોગેશભાઈ કારાવડીયા, મો. ૯૮૨૫૦૨૫૨૧૦

જન્માષ્ટમી આવી અને જતી રહી. શું આપણે પ્રતિદિન શ્રીકૃષ્ણને યાદ કરીએ છીએ? આપણે શ્રીકૃષ્ણને કેટલા જાણીએ છીએ? તેનામાં કેટલા ગુણ હતા તેની આપણને ખબર છે? શ્રીકૃષ્ણ જન્મને આજે પાંચ હજાર બસો વર્ષ ઉપર થઈ ગયા. શા માટે તેને યાદ કરવા જોઈએ? આવા અનેક વિચારો અને પ્રશ્નો મનમાં થતા હશે.

આજે જનસામાન્યમાં શ્રીકૃષ્ણનું જીવન અને તેમનો પરિચય આપણને કેવો સાંભળવા મળે છે? તેના કેટલાક સ્વરૂપ જોઈએ તો.... લોકમુખે સાંભળવા મળે છે કે શ્રીકૃષ્ણ માખણચોર હતા, શ્રીકૃષ્ણ રાધાના પ્રેમી હતા, શ્રીકૃષ્ણ ગોપીઓ સંગ રાસલીલા રચાવતા, શ્રીકૃષ્ણ બંસીધારી હતા વગેરે વગેરે. આવી માન્યતાઓ લોકોના મન મસ્તિકમાં વર્ષોથી ઘર કરી ગઈ છે. જો શ્રીકૃષ્ણમાં કેવળ આટલા જ ગુણો અને આટલા જ કાર્યો હોય તો આટલા બધા વર્ષ પછી પણ આપણને શા માટે યાદ રહે? લોકો તેનો જન્મોત્સવ શા માટે મનાવે? આવું તો કોઈ સામાન્ય માણસ પણ કરી શકે છે. આમા નવીન શું છે? સ્વયં વિચાર કરજો કે હું શ્રીકૃષ્ણને કેટલો જાણું છું ? વાસ્તવમાં આપણે જેટલા શ્રીકૃષ્ણને લોકમુખેથી સાંભળીએ છીએ તેના કરતા તે અનેક ગુણોંના ભંડાર હતા.

**શ્રીકૃષ્ણ વેદ-વેદાંત ના અદ્વિતીય વિદ્વાન, દાની, દયાળુ, શાલીન, ચતુર, નમ્ર, વિવેકી, તેજસ્વી, ધૈર્યવાન, સંતોષી, નીતિજ્ઞ, તપસ્વી, બલવાન, કર્તવ્યશીલ, વ્યવહારકુશળ, પરાક્રમી, રાજધર્મ ના ઉપદેષ્ટા, સંયમી, સદાચારી, શૂરવીર, સુદર્શનચક્રધારી અને એક પત્ની વ્રતધારી હતા.**

ઉપરોક્ત બધા ગુણ શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર અને મહાભારત વગેરેનો સ્વાધ્યાય કરવાથી જાણવા મળે છે. આપણા બધાનું અને આપણા કેટલાક પૂર્વજોનું પણ દુર્ભાગ્ય હતું કે આપણે સ્વાધ્યાયથી વંચિત થયા અને અમુક ઉપદેશકો અને લોકોના કહ્યાં અનુસાર મનમાં તેમની ધારણા કરતા આવ્યા અને વાસ્તાવિકતાથી દૂર થયા. ખોટી માન્યતાઓ, ખોટી વાતોને તર્ક અને પ્રમાણોં દ્વારા પરીક્ષણ ન કરી આંખો બંધ કરી માનવા લાગ્યા, પરિણામે

શ્રીકૃષ્ણનું સત્ય જીવનચરિત્ર વિકૃત અને ખોટી વાતોથી દુષિત થયું. લોકો તેના જીવનમાં બનેલા પ્રસંગોને યાદ તો રાખ્યા પણ તેની પાછળનું કારણ અને કાર્ય કરવા પાછળનો હેતુ શું હતો તે વિસરી ગયા.

ઉપરોક્ત ગુણોથી યુક્ત કોઈ પણ વ્યક્તિ શું ચોરી, છલકપટ, વ્યભિચાર, મિથ્યાભાષણ કરે? સ્ત્રીઓની છેડતી કરે?

જ્યારે આપણે થોડી બુદ્ધિ, તર્ક અને પ્રમાણોથી વિચારીએ તો આ બધી વાતો અસત્ય અને ગપગોળા સિદ્ધ થાય છે. આપણે શ્રીકૃષ્ણના જીવનમાં બનેલા કેટલાક પ્રસંગો અને તેની પાછળનુ કારણ અથવા હેતુ જોઈએ તો શ્રીકૃષ્ણના ગુણોથી આપણે પ્રભાવિત થઈએ છીએ. તેમના જીવનમાં સૌ પ્રથમ મોટો પ્રસંગ છે 'કંસ વધ'.

શ્રીકૃષ્ણને કંસ વધ કરવાની જરૂર શા માટે પડી? કેમ તેનો વધ કર્યો ? શું કારણ હતું?

કંસ મથુરાના રાજસિંહાસન ઉપર બળજબરીથી આરૂઢ થયો હતો. યાદવ સંઘના નેતા ઉગ્રસેન અર્થાત્ તેના પિતા વિરૂદ્ધ વિદ્રોહ કરી પોતે રાજા બન્યો હતો. તેણે રાજા ઉગ્રસેન, વસુદેવ, દેવકી વગેરે સ્વજનોને કારાગૃહમાં બંદી બનાવ્યા. યાદવો ઉપર વારંવાર અત્યાચાર કરતો. તે અધર્મી, પાપી, દુરાચારી હતો. પ્રજાકલ્યાણ માટે કંસ વધ આવશ્યક હતો. કંસ વધ કરી બતાવ્યું કે રાજા ન્યાયકારી, ધર્માત્મા, પ્રજાવત્સલ, અહિંસક અને સદાચારી હોવો જોઈએ પછી રાજા કોઈ પણ હોય.

આ પ્રસંગથી આપણને રાજનીતિજ્ઞ, રાજધર્મ ઉપદેષ્ટા, ચતુર, વ્યવહારકુશળ, શૂરવીર અને પરાક્રમી જેવા ગુણયુક્ત શ્રીકૃષ્ણના જીવનનો એક ઉત્તમ ગુણયુક્ત ભાગ દૃષ્ટિગોચર થાય છે.

આજે વર્તમાનમાં આપણે આ પ્રસંગને મુલવીએ તો શું આપણે કોઈ અધર્મી, પાપી, કૌભાંડ કરનાર આગેવાન વિરુધ લડત લડી શકીશુ? સામે તે કોઈ પણ ઉચ્ચ સ્થાન પર હોય તેના વિરુધ લડવાનું સામર્થ્ય એટલુ હોવું જોઈએ તેનું અનુમાન કરી શકીએ છીએ. અને કંસ તો શ્રી કૃષ્ણના મામા હતા કે એટલે કે આપણા સ્વજન પણ જો ખોટા માર્ગે હોય તો તેની સામે પણ સત્યતા માટે વિરોધ કરી શકીશુ?

શ્રીકૃષ્ણના જીવનમાં મારી દૃષ્ટિએ એક પ્રસંગ છે 'શિશુપાલ વધ' કહેવાય છે કે શ્રીકૃષ્ણએ એની ઘણી ભૂલોને ક્ષમા કરી અને અંતે સુદર્શન ચક્રથી તેનો વધ કર્યો.

આ પ્રસંગના ઊંડાણમાં જોઈએ તો શ્રીકૃષ્ણની પોતાના વિરોધી વ્યક્તિ સાથેનો ધૈર્ય અને સંયમપૂર્વકનો વ્યવહાર દૃષ્ટિગોચર થાય છે અને અંતે કોઈ વિકલ્પ ન રહેતા શૌર્યથી તેના પ્રાણહરણ કર્યા. આ પ્રસંગમાં તેમના ધૈર્ય, સંયમ, પરાક્રમ, શૂરવીરતા જેવા ગુણો જોવા મળે છે.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણને અતિથિ સત્કાર માટે નિયુક્ત કરવા તે શ્રીકૃષ્ણના નીતિજ્ઞ, વ્યવહારકુશળ, શાલીન, ધર્મજ્ઞ અને શ્રેષ્ઠ આપ્ત પુરૂષરૂપે રહેલા તેના ગુણોં દૃષ્ટિગોચર થાય છે.

શ્રીકૃષ્ણના જીવનના બે સૌથી મોટા કાર્યોમાં (૧) શાંતિદૂત બની ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને યુદ્ધ ન કરવા માટે સમજાવવાના પ્રયાસો કરવા, અંતિમ ઉપાય તરીકે પાંડવોને પાંચ ગામો આપવાનો પ્રસ્તાવ મૂકી વિશ્વાસ દેવો કે હું કહુ છું તે પાંડવો માની જાશે. આ પ્રસંગ આપણે રાજનીતિજ્ઞ, રાજધર્મ ઉપદેષ્ટા, શાંતિદૂત, નિડર શ્રીકૃષ્ણનુ દર્શન કરાવે છે.

(૨) શ્રીકૃષ્ણનું જીવનને સાર્થક કરતો એક પ્રસંગ છે **'અર્જુનોપદેશ'**

યુદ્ધનાં મેદાન વચ્ચે અર્જુન પોતાના સ્વજનો મામા, ભાણેજ, કાકા, દાદા, ગુરૂ, ભાઈઓ વગેરેને જોઈ હતોત્સાહી થઈ ગયો. ત્યારે શ્રીકૃષ્ણએ તેને ઈશ્વર, જીવ, પ્રકૃતિ અને શરીર મરણ ધર્મ છે. તેનો ઉપદેશ આપ્યો. જેને આપણે **'ગીતોપદેશ'** અર્થાત્ **'ગીતા'** કહીએ છીએ.

શ્રીકૃષ્ણના જીવનનું શ્રેષ્ઠ કાર્ય કહી શકાય આત્મબલવિહીન અર્જુનમાં આત્મબલનું સિંચન કરી ઉત્સાહિત કર્યો, રાજ્ઞધર્મનું જ્ઞાન કરાવ્યું. ધર્મ માટે યુદ્ધ કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે એવો સાર્થક સંદેશ આપી પોતાના દરેક સ્વજન એક દિવસે અવશ્ય મૃત્યુને પ્રાપ્ત થશે. તેનો યથાર્થ બોધ કરાવ્યો. આ પ્રસંગે શ્રીકૃષ્ણ વેદજ્ઞ, શિક્ષાવિદ, યથાર્થવક્તા, આપ્તપુરૂષનું દર્શન થાય છે. આવા આર્ય શ્રેષ્ઠ, આપ્તપુરૂષ યોગીરાજ શ્રીકૃષ્ણના જીવનમાં અનેક ગુણો રહેલા હતા. અંતે પાઠકવર્ગને એક જ સંદેશ પોતાના સામર્થ્ય અનુસાર શ્રીકૃષ્ણના યથાર્થ સ્વરૂપને ઓળખી તેના જીવનના ઉત્તમ ગુણોને આપણા જીવનમાં ધારણ કરવાનો પ્રયત્ન કરીએ. **શ્રીકૃષ્ણ એક એવા મહાપુરૂષ હતા જે કોઈ દિવસ ન તુટ્યા, ન ઝૂક્યા, ન પછતાયા અને ન કદી જય-પરાજયની ચિંતા કરી.**

(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૫ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

# "અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

પં. રુચિરામ આર્યોપદેશક"

સ્મૃતિશેષ હસમુખરાય પરમાર

ગતાંકથી આગળ...

## હલબ

દરૂજથી હું દમિશ્ક પાછો ફર્યો. દમિશ્કથી મોટર દ્વારા હુમસ હમા થઈને એક દિવસે હલબ પહોંચ્યો. હલબ એક ઐતિહાસિક નગર છે અને મુસલમાનોના નબી યહિયાની જિયારતગાહ છે. અહીં રેશમના કારખાના ઘણા છે. એ કારખાનાની વિશેષતા એ છે કે મશીનોં વગર કાપડ વણવામાં આવે છે.

અહીં આરબ ઉપરાંત એક 'અરમની' જાતિ છે, જે તુર્કીથી આવીને અહીં વસી છે. મેં ચાર મહિના સુધી અહીં વૈદિક ધર્મનો પ્રચાર કર્યો અને જમીયાતુલ હિજબુલ્લાહ (આર્યસમાજ)ની સ્થાપન કરી. તેમાં લગભગ ૧૩૫ સદસ્યો બની ગયા. જેમાં ૫૦ આરબ મુસલમાન, ૪૦ આરબ ઈસાઈ, ૨૫ અરમની, ૨૦ યહૂદી અને એક તુર્કી હતા. મેં હિજબુલ્લાહના સિદ્ધાંતો અરબી, તુર્કી અને ફ્રેંચ ભાષામાં છપાવી લીધા હતા. અને તેનું મફતમાં વિતરણ કરતો હતો. અમારો એક સિદ્ધાંત હતો કે કોઈ અમારા સદસ્યને પૂછે કે તમારો ધર્મ કયો છે તો તે કહેશે કે મારો ધર્મ હિજબુલ્લાહ છે એટલે કે હું આર્યસમાજી છું. આ રીતે મારા હિજબુલ્લાહના સદસ્ય બનતા પહેલા તેણે પાછ્લા ધર્મને છોડવો પડતો હતો. ઈશ્વર એક છે તો તેને માનવાવાળાઓનો ધર્મ પણ એક હોવો જોઈએ.

અહીં તુર્કી તરફથી એક સફીર (દૂત) પણ રહેતો હતો. એ પણ હિજબુલ્લાહ (આર્યસમાજ) નો સદસ્ય બની ગયો. તુર્કી અને હલબ વચ્ચે રેલગાડી ચાલે છે, એટલે તુર્કી લોકોની ખૂબ આવ-જા રહે છે. તુર્કી લોકોમાં આર્યસમાજનો પ્રચાર કરવા માટે મેં હલબને મારૂ હેડકવાર્ટર બનાવ્યું અને અહીં ચાર મહિના રહીને આર્યસમાજના ઘણા પુસ્તકોં તુર્કી ભાષામાં પ્રકાશિત કર્યા. એ પુસ્તકો હું અહીંથી મોકલતો રહ્યો.

તુર્કીમાં આર્યસમાજના પ્રચારની ઘણી આવશ્યકતા છે. અહીં તલાકની પ્રથા હોવાને કારણે ઘણી સ્ત્રીઓ અને તેમના સંતાનો તેનાથી પીડિત થઈને

ભટકી રહ્યા છે. એક સમયે ચાર લગ્નની આજ્ઞાએ પણ ઘણા લોકોને નરકમાં રાખ્યા છે. મારા પ્રચારનો એ પીડિતોં ઉપર ઘણો પ્રભાવ પડ્યો. મને અહીં હિજબુલ્લાહ (આર્યસમાજ) ના પ્રચારમાં આશાથી વધુ સફળતા મળી.

## તુર્કી

હલબથી ઈસકન્દરૂના એક દિવસની યાત્રા છે. અહીં શામ (સિરીયા) નું શાસન સમાપ્ત થાય છે. સાથે જ ફ્રાંસના પ્રભાવનો પણ અંત આવે છે. અહીંથી મેં તુર્કીમાં પ્રવેશ કર્યો.

ઈસકન્દરૂનામાં બે સપ્તાહ સુધી પ્રચાર કરતો રહ્યો. ત્યારબાદ ચાલીને તુર્કી ગયો. અગાઉ જણાવ્યું તેમ તુર્કી ભાષામાં છપાયેલી હિજબુલ્લાહ (આર્યસમાજ) ની પુસ્તકો મારી પાસે હતી તેને તુર્કીના મોટા-મોટા શહેરોમાં વહેંચવાની શરૂ કરી.

જો કે તુર્કી મુસલમાનોની દેશ છે, પણ ભારત અને તેની વચ્ચે આકાશ- જમીનનો તફાવત છે. યુરોપની નજીક હોવાથી તેના પર યુરોપનો રંગ ચડી ગયો છે. તેનો ઈતિહાસ ઘણો મનોરંજક છે. વિશ્વયુદ્ધથી પહેલા અને ઈ.સ. ૧૯૧૫ સુધી તુર્કી સંપૂર્ણ આરબ ઉપર શાસન કરતું હતું. તેનો રાજા આરબ અને તુર્કી જ નહીં પણ આખા વિશ્વના મુસલમાનોનો રાજા ગણવામાં આવતો હતો. જયારથી ઈસ્લામ ચાલ્યો છે ત્યારથી ખિલાફતનો પાયો નંખાયો છે. મુસલમાનોના સૌથી પહેલા ખલીફા હજરત મહંમદ સાહેબ પોતે હતા. જ્યારે આરબમાં તુર્કીનું શાસન હતું, તે સમયે મુસલમાનોનો ખલીફા તુર્કીના બાદશાહને માનવામાં આવતો. તુર્કીના બાદશાહે પોતાના તરફથી મકકા, મદીના, નજદ અને હજાજ માટે કેટલાય આરબ સૈયદને વાઈસરોય તરીકે નિયુક્ત કર્યાં હતા. જ્યારે વિશ્વયુદ્ધની શરૂઆત થઈ ત્યારે તુર્કી અંગ્રેજોની વિરૂદ્ધ જર્મનીની સાથે જોડાયું. જેથી મકકાના વાઈસરોય શરીફ હુસેને તુર્કી વિરુદ્ધ ચળવળ ચલાવી અને આરબ લોકોને સ્વતંત્રતા મેળવવા અને તુર્કીને મકકામાંથી હાંકી કાઢવા ઉશ્કેર્યાં. મકકામાં અવ્યવસ્થા ફેલાતા તુર્કીના બાકીના પ્રદેશોમાં પણ બળવા શરૂ થયા. અરબ તુર્કીના કબજામાંથી નીકળી ગયું અને કેટલાય રાજ્ય સ્થાપિત થઈ ગયા. નજદોજહાજ સુલતાન ઈબનસઉદના હાથમાં આવ્યું. શરીફ હુસેન બગદાદ અને અલઈરાકના બાદશાહ બન્યા. કેટલોક ભાગ અંગ્રેજો અને ફ્રેંચોએ વહેંચી લીધો. પરિણામસ્વરૂપ તુર્કીનું પતન થયું અને તેનું રાજ્ય ફકત તુર્કી પૂરતું મર્યાદિત બની ગયું. (અનુસંધાન પા. નં. ૨૫ ઉપર)

# વેદ પ્રવચન

પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય
અનુવાદક : નાથુભાઈ ડોડિયા

**पर ऋणा सावीरध मत्कृतानि माहं राजन्नन्यकृतेन भोजम् ।**
**अव्युष्टा इन्नु भूयसीरुषास आ नो जीवान् वरुण तासु शाधि ।।**

ઋગ્વેદ ૨-૨૮-૯

અન્વય :- **(ऋणा) ऋणानि (पर सावीः) परासावीः । अद्य मत्कृतानि (ऋणानि) परासावीः । हे राजन् (वरुण) अहं अन्यकृतेन मा भोजम् । भूयसीः (उषासः) उषसः इत नु अव्युष्टाः सन्ति । हे वरुण तासु (उषःसु) (नः) अस्मान् जीवान् (आ) समन्तात् शाधि ।**

અર્થઃ- હે રાજા વરુણ અર્થાત્ સંસારના વિધિ- વિધાનના શાસક પરમાત્મા! (मत् कृतानि) મારા કરેલ (ऋणा = ऋणानि) ઋણો. (पर सावीः परा असावीः) દૂર કરી આપો. 'अधः' અહીં પાદપૂરક અવ્યય છે. અથવા 'अधः' નો અર્થ 'અથ' કે 'ચ' પણ થઈ શકે છે અર્થાત્ મારા સંબંધમાં બીજાએ જે ઋણ કરેલ છે તેને પણ દૂર કરી આપો. હું (अन्यकृतेन) બીજાની કમાઈનું (मा भोजम् = मा भोग लभेयम्) ન ખાઉં. (भूयसीः उषासः) ઘણી બધી ઉષાઓ અર્થાત્ પ્રાતઃ કાલીન સુખ આપનારી મનોવૃત્તિઓ (इतः नु) ખરેખર (अव्युष्टाः = व्युष्टिरहिताः, प्रकाशरहिताः) પ્રકાશ અને સુખ રહિત જ પ્રતીત થાય કરે છે. હે વરુણ દેવ! (नः = अस्मान् जीवान्) આપણે જીવોને (तासु उषःसु)આ ઉષાઓમાં (आ = समन्तात्) પૂર્ણ રીતથી (शाधि) અનુશિષ્ટ કરો અર્થાત્ અમોને ઋણોની ચિંતામાંથી મુક્ત કરો.

**વ્યાખ્યા :-** **मा अहं अन्य कृतेन भोजम्** આ વાક્ય પૂરા મંત્રનો નિચોડ છે. બીજા વાક્યો આ ભાવનાને કેન્દ્રમાં રાખીને આગળ વધે છે. હું બીજા કોઈની કમાણી ન ખાઉં. હું મારી પોતાની કમાણી ઉપર નિર્ભર રહું. સૃષ્ટિનો આ નિયમ છે કે જે જેવું કરશે તેને તે પ્રમાણે ભોગ મળશે. પોતાની કમાણીનો ભોગ કરવો, બીજાની કમાણીનો નહિ. જે બીજાની કમાણી ખાય છે તે ખરેખર બીજાનું ઋણ

લે છે અને આ ઋણ તેને વ્યાજ સહિત ચુકવવું પડે છે. તેનાથી ચિંતા પણ વધે છે અને કર્તવ્ય પાલનમાં પણ વિઘ્ન ઊભા થાય છે.

સૃષ્ટિમાં પ્રાણીઓના ઉપયોગ માટે અસંખ્ય પદાર્થો છે. પરંતુ સંસાર એક બજાર છે. અહીં દરેક વસ્તુ મળશે, પણ મફતમાં નહિ, તેની કિંમત ચૂકવવી જ પડશે. **'જેની પાસે પૈસા નથી તેને મેળો લાગે છે ઉદાસ.'** આથી મેળામાં જતાં પહેલાં જોઈ લો કે તમારા ગજવામાં પૈસા છે કે નહિ. ખાલી હાથે બજારમાં જનાર ક્યાં તો કોઈ પણ ચીજ ખરીદ્યા વગર એમને એમ પાછો ફરે છે અથવા તો ચોરી કરે છે અને જેલની સજા ભોગવે છે. જે કમાણી વગર (મહેનત કર્યા વગર) ખાવા ઈચ્છે છે તેને ઋણ ચુકવવાની ચિંતા રહે છે અને જેની પ્રકૃતિ દેવાળિયાની છે અર્થાત્ જે ઋણ લઈને તેને પાછું આપવા ઈચ્છતો નથી તેને સૃષ્ટિ ક્ષમા નથી કરતી. તેણે ઋણ ચૂકવવું પડે છે.

આ મંત્રમાં પરમાત્માને 'વરુણ' કહીને પોકાર્યા છે. તેની વિસ્તૃત વ્યાખ્યા માટે ટિપ્પણીમાં આપેલ શતપથ બ્રાહ્મણના ઉદાહરણ ઉપર વિચાર કરો. પરમાત્માનું નામ વરુણ એટલા માટે છે કે તે સંસારનો શાસક છે. જે સૃષ્ટિના કાનૂન તોડે છે તેને તેનો દંડ આપે છે. મંત્રના અંતમાં **'शाधि'** શબ્દ આવ્યો છે. જે 'શાસ્' ધાતુથી બન્યો છે આનાથી પણ સ્પષ્ટ થાય છે કે વરુણમાં શાસકની ભાવના છૂપાયેલ છે. ઋણ લેવું નકામાપણાનું પ્રમાણ છે અને તેને ન ચુકવવું તે દેશદ્રોહ કે સમાજદ્રોહ છે, તેને માટે પરમાત્મા તરફથી દંડ મળે છે, આથી પ્રત્યેક ઈશ્વર ભક્તે ઋણોથી બચતા રહેવું જોઈએ અને જો ઋણ અર્થાત્ કરજ, દેવું પરિસ્થિતિવશ લેવું પડે તો તેને ચુકવવા માટે ચિંતિત રહેવું જોઈએ. ઋણમાં ડુબેલ મનુષ્યને કેટલા બધા દુઃખ ભોગવવા પડે છે તેનું એક ઉત્તમ દૃષ્ટાંત મંત્રના આ વાક્યમાં આપેલ છે – **अव्युष्टा इन्नु भूयसीः उषासः** ઉષાનો અર્થ છે પ્રાતઃકાળ થતાં પહેલાનો મંદ પ્રકાશ તેને ઉષાકાળ કહે છે–વહેલી સવાર, અંધારી રાતની સમાપ્તિ પછી સૂર્ય ઉદય થવા લાગે છે, તો સૂર્ય મહારાજનો છડીદાર પહેલાથી જ ઘોષણા કરે દે છે કે સૂર્ય મહારાજ આવી રહ્યા છે. જાગો, તેના સ્વાગત માટે તૈયાર થઈ જાવ. ઉષાકાળના આગમનથી પશુ-પંખી સર્વેના મનમાં આનંદની લહેર પ્રગટવાની શરૂ થાય છે. કમળ ખીલવા લાગે છે. સમસ્ત સૃષ્ટિ આનંદ મનાવે છે. ભૌતિક પ્રકાશ અને અભૌતિક આનંદ બંને ઉષાકાળનું પરિણામ છે.

પરંતુ આ આનંદ અને પ્રકાશ તેને જ મળે છે જે ઋણ રહિત છે

અથવા ઋણ મુક્ત છે. જેના માથા ઉપર ઋણ (દેવું) છે તેને ઉષાકાળ આનંદ કે પ્રકાશ નથી આપતો. મનમાં થોડું વિચારો કે જે મનુષ્ય ઉપર ઘણું ઋણ (દેવું) છે અને લેણદારો પોતાનું લેણું વસુલ કરવા માટે તેની પાછળ પડેલ છે. જેમ તેમ રાત તો પડી દેવાદારે રાતનો આશ્રય લઈને કહ્યું કે **'કાલે અવશ્ય ઋણ પરત કરીશ'** ચાલો છુટ્ટી મળી. ભલે તે થોડીવાર માટે હોય. ઋણી - દેવાદાર મનુષ્ય સૂઈ જાય છે. પરંતુ ઉષાકાળ આવે છે ત્યારે તેની ઊંઘ ઉડી જાય છે. શું તે ઉષાકાળનું સ્વાગત કરશે? કદાપિ નહિ. જે ચિંતાઓમાંથી તેને થોડા સમય માટે રાહત મળી હતી તે ફરી પાછી સતાવશે. જેની પાસે ઉધાર લીધું હતું તેણે રાતના બહાને પીછો છોડયો હતો, હવે તે પાછો ઉઘરાણીઓ આવશે. હવે તો રાતનું બહાનું નથી. હવે હું શું કરીશ? આવા ચિંતિત મનુષ્યની ઉષાઓ પણ **અવ્યુષ્ટાઃ** જ બની જાય છે. **વ્યુષ્ટિઃ** નો અર્થ છે ઉષાકાળના પ્રકાશની કિરણો. **વ્યુષ્ટિઃ** નુ ઉલટું છે **અવ્યુષ્ટિઃ** અર્થાત્ ઉષાકાળ પ્રકાશને બદલે અંધારૂ આપવા લાગે છે, અર્થાત્ ઋણી મનુષ્યના દિવસો પણ રાતથી વધારે અંધકારમય હોય છે. ઋણી મનુષ્ય ઋણની ચિંતાઓને કારણે દુઃખી થઈને વરુણદેવને પ્રાર્થના કરે છે કે, હે ભગવાન! ઋણના કારણે હું થાકી - કંટાળી ગયો છું. હું બધાં જ પ્રકારના સુખોથી વંચિત છું. કૃપા કરીને મને ઋણના બંધનમાંથી મુકત કરાવો અને મને એવી શક્તિ આપો કે હું બીજાની કમાણીનો ઉપભોગ કરવાની ઈચ્છા જ છોડી દઉં અને બધા પ્રકારના ઋણમાંથી મુક્ત થઈ જાઉં.

ઋણી માટે ઋણી હોવાની ભાવના જ પ્રથમ આવશ્યક વસ્તુ છે જે ઋણી હોવા છતાં પોતાને ઋણી સમજતો નથી તે ઋણ ચુકવવાનો પ્રયત્ન જ નથી કરતો. ઋણ ચુકવવાનો પ્રયત્ન એ જ કરે છે જે ઋણને ભાર સમજે છે. ઘણા લોકો તો ઋણ લેતા પહેલા જ મનમાં નકકી કરી લે છે કે આપણે ઋણનો ઉપભોગ કરવાનો છે, તેને પરત ચુકવવાનું નથી. નાસ્તિક ચાર્વાકનું કથન છે -

यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत्।

भस्मीभूतस्थ देहस्य पुनरागमनं कुतः॥

જયાં સુધી જીવો ત્યાં સુધી સુખથી જીવો. દેવું કરીને પણ ઘી પીવો. જ્યારે મરી જશો ત્યારે શરીર તો ભસ્મ થઈ જશે. તમે મર્યા પછી પાછા નથી આવવાના. જેણે તમને ઉછીના નાણાં આપ્યા છે તે કોની પાસે વસુલ કરશે. જો કે દુનિયાના મોટા ભાગના લોકો પોતાને નથી નાસ્તિક માનતા કે

નથી ચાર્વાકના અનુયાયી માનતા પરંતુ વ્યવહારમાં શ્લોકની ભાવના મુજબ જીવનારા લાખો લોકો છે. દેવું કરીને પછી તેને ન ચુકવવાના ઉપાયો લોકો શોધતા રહે છે. કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને દેવું પરત ન કરવાનો પ્રયત્ન કરતા રહે છે. કોર્ટમાં કેટલીય ફરિયાદો આવે છે જેમાં ઉછીનું લેનાર દેવાનો સ્વીકાર જ નથી કરતો અથવા પોતે જાણી જોઈને નાદાર બની જાય છે. બહુ જ જૂજ લોકો રાજા વરુણને સાચા હૃદયથી પ્રાર્થના કરે છે કે હે પરમાત્મા દેવ, અમોને અમારા ઋણમાંથી મુક્ત કરાવો. જે લોકો ઋણ લઈને પોતાને ઋણથી દબાયેલ અનુભવે છે એ આ ચિંતાને કારણે તેના સુખનો ઉદય અવ્યુષ્ટ અર્થાત્ ચિંતાના વાદળોથી છવાયેલો રહે છે. તે અવશ્ય ઋણથી મુક્ત થશે અને તે જ પોતાની કમાણીનો સારી રીતે ઉપભોગ કરી શકશે.

મનુષ્ય જે પરિસ્થિતિમાં જન્મ લે છે. તેમાં એ અસંભવ છે કે તે કોઈનું ઋણ લે નહી. જરૂરી એટલું જ છે કે તે જેનું ઋણ લે તેને ચુકવી દે. બધો જ વેપાર ઋણ આધારિત છે. બધી જ સરકારો ઋણ લે છે જેને રાષ્ટ્રીય દેવું કહીએ છીએ. ઋણનું સંવિધાન એ પ્રગટ કરે છે કે પ્રારંભિક અવસ્થામાં બીજાની મદદ લેવી જ પડે છે તે પછી ભલે આર્થિક હોય, નૈતિક હોય કે શારીરિક હોય પરંતુ જ્યાં સુધી ઋણ ચુકવવાની ભાવના ટકી રહેશે ત્યાં સુધી સામાજિક ઉન્નતિમાં કોઈ વિઘ્ન નહિ આવે. કોઈ બેન્ક લોન ઉછીના આપવામાં આનાકાની નહિ કરે, જો તેને લોન પાછી વસુલ કરવામાં કોઈ શંકા નહિ હોય. નાના વેપારી ઋણ (ઉછીના) નાણાં લઈને જ પોતાનો વેપાર વિકસાવે છે. પરંતુ સમાજમાં જો ઋણ પરત ન ચુકવવાનો પ્રયત્ન વધવા માંડે તો ન બેન્ક ચાલે કે ન વેપાર. આથી ઋણી (દેવાદાર) ના મનમાં ઋણની ભાવના જાગ્રત રહેવી જોઈએ.

શતપથ બ્રાહ્મણ વગેરે ગ્રંથોમાં ચાર પ્રકારના ઋણોનો ઉલ્લેખ છે - એક સામાન્ય અને ત્રણ વિશેષ. વિશેષ ત્રણ ઋણ અધિક પરિચિત અને પ્રચલિત છે. એક પિતૃઋણ, બીજુ દેવઋણ અને ત્રીજુ ઋષિઋણ.

પહેલું સામાન્ય ઋણ તો દરેક મનુષ્ય ઉપર છે અથવા એમ કહેવું જોઈએ કે દરેક પ્રાણીનું દરેક પ્રાણી ઉપર. આપણે આપણી દરેક સુવિધાઓ માટે બીજાના ઋણી રહીએ છીએ. ઘણી બધીવાર તો આપણે એ જાણતા પણ નથી હોતા કે આ ભોગ માટે આપણે કોના ઋણી છીએ.

આપ રસ્તા ઉપર વહેલી સવારે ફરવા જઈ રહ્યા છો દૂરથી હવામાં

આવતી ગુલાબના ફુલની સુગંધ આપને આવે છે. આપ સુખનો અનુભવ કરો છો. આ ગુલાબ ક્યાં છે, ક્યા બાગમાં છે અને કોણે ઉગાડયા છે? આ સુગંધ આપને બીજાના પરિશ્રમથી પ્રાપ્ત થઈ. આપ તેના ઋણી છો. જો આપ આને ઋણ સમજો તો આપ પણ આવા પરોપકારના કામ કરી સંસારને ગુલાબોની સુવાસથી ભરી દો. પરંતુ આપ એમ સમજો કે **'માલે મુફત, દિલ બેરહમ'** તો આ સંસાર કાંટાળો બની જશે.

અહીં એક નાનકડી બાળકોની વાર્તા ઉપર વિચાર કરો. આ આપણે બતાવે છે કે આપણી ઉપર બીજા કેટલા મનુષ્યોનું ઋણ છે. એક પિતાએ પોતાના બાળકને કહ્યું કે શીરમાળ (એક જાતની ખમીરની રોટી) ખવડાવીશ. બાળકોએ પૂછયું કે શીરમાળ શું છે? પિતાએ કહ્યું - શીરમાળ એ વસ્તુ છે જેને બનાવવામાં હજારો લોકોનો હાથ હોય છે. બાળકોને ઉત્સુકતા વધી અને ઘણા ઉમંગથી સવાર થવાની પ્રતીક્ષા કરવા લાગ્યા. જ્યારે સવાર પડયું અને બાળકોએ શીરમાળ - શીરમાળ પોકારવાનું શરૂ કર્યું તો પિતાએ બે રૂપિયાની જલેબી કંદોઈને ત્યાંથી અપાવી. બાળકોએ કહ્યું કે આ શીરમાળ નથી. શીરમાળ બનવવામાં તો હજારો લોકોનો સહયોગ લેવો પડે છે. હજારો તો શું હું તો અહીં સો માણસો પણ જોતો નથી. પિતાએ કહ્યું, 'આ જલેબી પણ હજારો મનુષ્યોના સહયોગથી બની છે.' બાળકોએ કહ્યું, 'કેવી રીતે?'

પિતાએ ઉત્તર આપ્યો, 'જુઓ! જલેબી લોટની બને છે. લોટ ઘઉંમાંથી બને છે. ઘઉં ખેડૂત વાવે છે. હવે બરાબર વિચારો કે ખેતર ખેડવા અને ઘઉં વાવવાથી લોટ તૈયાર કરવા સુધી કેટલા બધા મનુષ્યોના હાથનો સહયોગ મળે છે.'

બાળક આશ્ચાર્યચકિત થયો. હિસાબ કરવા બેઠો તો સેંકડોની સંખ્યા જણાઈ. બાપે કહ્યું, 'હજી તમે પૂરેપૂરુ વિચાર્યું નથી. આ તો ફકત ઘઉંનો જ હિસાબ લગાવ્યો. ઘીના વિષયમાં વિચારો, પછી ખાંડનો નંબર આવશે, પછી એ પણ વિચારવું પડશે કે ભઠ્ઠીમાં જે આગ ચેતે છે તેમાં કોલસા કે લાકડાં વપરાય છે તે પ્રાપ્ત કરવામાં કેટલાં હાથનો સહયોગ હોય છે?'

બાળકોએ જોયું કે હાથોની સંખ્યા જેમ જેમ વિચારતા ગયા તેમ તેમ વધતી જ જાય છે.

પિતાએ કહ્યું કે આટલું જ નહિ અત્યાર સુધી તમારૂં ધ્યાન ફકત ઘઉં ખાંડ, ઘી અને અગ્નિ સુધી મર્યાદિત જ હતું. જે કડાઈમાં જલેબી બની રહી છે તેની પણ વાત સાંભળો, તે શું કહી રહી છે. કડાઈ લોખંડની બની છે.

લોખંડના કારખાનામાં કે કોલસાની ખાણમાં જઈને જુઓ.

એક નાનકડી આ વાર્તા છે તે એવું બતાવે છે કે આપણી ઉપર બીજા કેટલા બધા મનુષ્યનું ઋણ છે. દરેક જલેબી આપણા માટે શીરમાળ છે. જેમાં હજારો મનુષ્યના હાથનો સહયોગ મળેલ છે, અને આપણે એ બધાના ઋણી છીએ. આ ઋણમાંથી ત્યારે જ મુક્તિ મળે જ્યારે આપણે પણ દેશ કે મુક્તિના ઉદ્યોગોમાં ભરચક પ્રયત્ન કરીએ અને જેમ આપણે બીજા પાસેથી ઋણ લીધું છે તેવી જ રીતે આપણે પણ બીજાનું ઋણ ચૂકવી શકીએ. જે દેશ કે જાતિમાં એવા વ્યક્તિ રહે છે જેમના જીવનનો એક જ ઉદેશ્ય છે કે 'माहं राजन् अन्यकृतेन भोजम्' હે ઈશ્વર અમે બીજાની કમાઈ ન ખાઈએ. પરંતુ જે કંઈ ઉપભોગ અમોને પ્રાપ્ત છે તેમાં અમારો પણ પૂર્ણ ભાગ હોય તો સંસારમાં તમારા બધાં કષ્ટો દૂર થઈ જાય.

આ સંસાર એક સહયોગી સંસ્થા છે, એક કારખાનું છે, જેમાં સર્વે મનુષ્યો ભાગીદાર છે. કારખાનું ચલાવવા દરેક વ્યક્તિ પોતાનું યોગદાન આપે છે. જ્યાં સુધી ભાગીદારો સત્યનો વ્યવહાર કરે છે અને કારખાનામાં પોતાની શક્તિ મુજબ સહયોગ આપે છે ત્યાં સુધી કોઈ કોઈનો ઋણી નથી અથવા બધા બધાના ઋણી છે. અહીં કોઈને કોઈની ફરિયાદ નથી પરંતુ જ્યારે ભાગીદારોની દાનત બગડે છે અને સ્વાર્થ ભાગીદારોને અંધ બનાવી દે છે ત્યારે કારખાનું તૂટી જાય છે, જાતિઓ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. સંસારમાં દરેક દેશમાં વ્યાપારિક અને ઔદ્યોગિક કંપનીઓ કાર્ય કરતી રહે છે જ્યાં સુધી ભાગીદાર પોતપોતાના ભાગના પ્રમાણમાં ભોગ (ઉપભોગ) કરે છે ત્યારે ઋણની વાત કોઈને દુઃખદાયક લાગતી નથી પરંતુ જ્યારે કોઈ ભાગીદાર પોતાના ભાગ કરતાં વધુ પ્રમાણમાં ભોગ કરતા થાય છે ત્યારે વરુણદેવ પોતાના બંધનો ઢીલા કરવાને બદલે મજબૂત કરે છે (એટલે કે તેવા લોકોને સજા કરે છે). ઋગ્વેદના એક બીજા મંત્રમાં વરુણદેવને પ્રાર્થના કરવામાં આવી છે -

उदुत्तमं वरुण पाशमस्मदवाधमं वि मध्यमं श्रथाय। ऋग्वेद १-२४-१५

હે વરુણદેવ! હવે આપના મોટા, નાના અને વચલા બંધનોને ઢીલા કરી દો. અમે આ બંધનોની પકડથી તંગ થઈ ગયા છીએ.

વરુણના બંધનોની પકડને ઢીલી કરવાનો એક જ ઉપાય છે તે એ છે કે ઋણોની પ્રકૃતિને સમજી પોતાના જીવનનો એક નિયમ નિર્ધારિત કરવો કે 'माहं राजन्नन्यकृतेन भोजम्' (અનુસંધાન પા. નં. ૨૪ ઉપર)

## ગૃહસ્થીઓનો વ્યવહાર
## સ્વામી દયાનંદ કૃત
વ્યવહાર ભાનુ

**પ્રશ્ન :- લગ્ન કરીને સ્ત્રી-પુરુષ અરસપરસ કેવી રીતે વર્તે?**

**ઉત્તર :-** જેનાથી એકબીજાને દુઃખ થાય એવું વ્યભિચાર આદિ અપ્રિયકર આચારણ નહિ કરે. એકબીજાને જોઈને ખુશ થાય અને એક બીજાની સેવા કરે. પુરુષ ભોજન, વસ્ત્ર, આભૂષણ અને પ્રિયવચન આદિથી સ્ત્રીને હંમેશા રાજી રાખે અને ઘરનાં બધાં કામ તેની ઈચ્છા પ્રમાણે કરે. સ્ત્રી પણ પોતાના પતિને પ્રસન્ન વદને ખાનપાન પ્રેમભાવ આદિથી તેને હમેશાં આનંદિત રાખે કે જેથી ઉત્તમ સંતાન થાય અને બંનેનો આનંદ વૃદ્ધિ પામે.

પ્રશ્ન :- એવું ન કરે તો શું નુકસાન છે?

ઉત્તર :- સર્વનાશ કારણ કે અરસપરસના પ્રેમભાવ વિના ગૃહસ્થાશ્રમનું જરા પણ સુખ, ઉત્તમ સંતાન, પ્રતિષ્ઠા, લક્ષ્મી આદિ ઉત્તમ પદાર્થો પ્રાપ્ત થતા નથી. મનુએ કહ્યું છે.

**सन्तुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च।**
**यस्मिन्नेव कुले नित्यं कल्याण तत्र वै ध्रुवम्।।**

જે કુળમાં સ્ત્રી-પુરુષ અરસપરસથી રાજી રહે છે તેમનું અવશ્ય કલ્યાણ થાય છે. બ્રહ્મચર્યથી વિદ્યા-શિક્ષણ પ્રાપ્ત કરી યુવાવસ્થામાં પરસ્પરની પરીક્ષા કરીને સ્વયંવરથી વિવાહ કરે કેમ કે જે સુખ, વિદ્યા અને ઉત્તમ પ્રજાનું નુકસાન બાળવિવાહથી થાય છે તેટલો જ લાભ બ્રહ્મચર્યથી શરીર અને આત્માની પૂર્ણ યુવાસ્થામા પરસ્પર પ્રેમથી વિવાહ કરવાથી થાય છે. જે મનુષ્ય પરસ્પર પ્રેમથી સ્વયંવર વિવાહ કરીને સંતાન-ઉત્પતિ કરે છે તેના સંતાન પણ એવા યોગ્ય થાય છે કે લાખે એક હોય કે જેનામાં બુદ્ધિબળ, પરાક્રમ, ધર્મ અને સુશીલતા આદિ શુભ ગુણ પૂરા હોઈ મહાભાગ્યશાળી થઈ પોતાના કુળની ખૂબ પ્રશંસા કરાવે છે.

| ઋગ્વેદ | યજુર્વેદ | સામવેદ | અથર્વવેદ |
|---|---|---|---|
| ઋષિ - અગ્નિ | ઋષિ - વાયુ | ઋષિ - આદિત્ય | ઋષિ - અંગિરા |
| મંત્ર - ૧૦૫૫૨ | મંત્ર - ૧૯૭૫ | મંત્ર - ૧૮૭૫ | મંત્ર - ૫૯૭૭ |

# ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ

## આર્યસમાજ - વઢવાણ

આર્યસમાજ વેદ મંદિર વઢવાણમાં ૭૪માં સ્વતંત્ર્ય દિવસ નિમિત્તે હવન ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પંડિત આદિત્યજી, બ્ર. યોગેશ શાસ્ત્રીજી અને પ્રકાશ આર્યવીર, ભિખીબેન વગેરે દેશની માનુભાવોએ આઝાદીના વિષયે કવિતા, દેશભક્તિ ગીત, પ્રવચન દ્વારા બધા નવ જવાનોને દેશભક્તિથી ઓતપ્રોત કરીને વૃક્ષો વાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જબ સોને તક કો જંક ચડાતો લોહે કો દોષ દેના હી ક્યા...
જબ મોસમ હિ મકાર હો તો બાદલ સે આસ લગાના હી ક્યા...
ઈસ લિયે વક્ત કહતા હૈ કિ આ લહુ કા રંગ દિખાના હી હોગા...

આવી અનેક કવિતાઓ તેમજ પ્રવચન દ્વારા યુવાનોને જગાડવાનો પ્રયાસ કરવામાં આવેલ.



આર્યસમાજ વેદ મંદિર વઢવાણ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ શ્રાવણી પૂર્ણિમાં પર્વ નિમત્તે યજ્ઞોપવિત (જનોઈ) બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

જેમાં પં. આદિત્યજી, માઉન્ટ આબુમાં ભણેલ યોગેશ શાસ્ત્રીએ યજ્ઞોપવિત ધારણ કરવાથી થતા લાભ અને તેનું મહત્વ સમજાવ્યું હતું. જેમા અનેક આર્ય સજ્જનોએ ભાગ લીધો હતો. અંતમાં સૌ લોકો પ્રસાદી લઈને છુટા પડ્યા. આ કાર્યક્રમ દયાનંદ બાગમાં આયોજિત કરવામાં આવ્યો હતો.



## આર્યસમાજ - નડિયાદ

આર્યસમાજ નડિયાદ દ્વારા શ્રાવણી પર્વ મહાયજ્ઞ તા. ૦૨/૦૮/૨૦૨૦ ને રવિવારના રોજ યોજેલ. જેમાં બ્રહ્મા પદે પં. દિનેશચન્દ્રાર્યએ ઉપાક્રમ વિધિ- યજ્ઞોપવિત યજ્ઞ સમ્પન્ન કરાવેલ. આ યજ્ઞના યજમાન શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટ પરિવાર સહિત ઉપસ્થિત હતા. આ પ્રસંગે યજ્ઞમાં આર્યસમાજના સર્વ ટ્રસ્ટીગણ તથા સંપૂર્ણ આર્યસમાજના સદસ્યગણ અને સભાસદોએ પધારી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શ્રાવણી મહાયજ્ઞ નિમિત્તે વિકબલ ઓફ ઈન્ડિયા નડિયાદના મહિલા પ્રમુખ, મંત્રી અને સભ્યો હાજર રહી વેદનો પ્રચાર - પ્રસાર થાય તેવી ભાવના વ્યક્ત કરેલ તથા ઉપસ્થિત આર્યસમાજી શ્રી મનુભાઇ રાઠોડે પોતાના પ્રવચનમાં આર્યસમાજની પ્રવૃત્તિઓ વિશે જણાવતા કહેલ કે અમારા પરિવારમાં યજ્ઞો તથા રહે છે. આ સંસ્કારો અમારા પૂર્વજોનો વારસો છે. જે અમોને ઘણી શાંતિ આપે છે. પં. દિનેશચન્દ્રાર્ય સહર્ષ સ્વાગત સાથે આભાર વ્યક્ત કર્યો હતો. યજ્ઞ બાદ આયુર્વેદિક ઉકાળા તેમજ માસ્ક વિતરણ સંસ્થા તરફથી કરેલ. આજુબાજુના વિસ્તારમાં લગભગ ૨૫૦ થી વધુ વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ કરેલ. આવેલ સૌ ધર્મપ્રેમી ભાઈઓ-બેહેનોનો આભાર વ્યક્ત કરીને કાર્યક્રમ પૂર્ણ કર્યો.



<u>શાંતિ યજ્ઞ</u>

આર્યસદસ્ય શ્રી ભારતસિંહજીને ત્યાં ફતેપુરામાં શાંતિ યજ્ઞ તેઓનો સ્વ. પિતા શ્રી રાયસિંહજીના પ્રથમ પૂણ્યતિથિ . સ્મરણાર્થે તા. ૦૧/૦૮/૨૦૨૦ના રોજ રાખેલ. આર્યસમાજ નડિયાદ તરફથી પં. દિનેશચન્દ્રાર્યએ આ શાંતિ યજ્ઞ સમ્પન્ન કરાવેલ, આ પ્રસંગે મૃત્યુ, આત્મા, પરમાત્મા વિશે ટૂંકમાં જાણકારી આપેલ તેમજ વેદ, ઉપનિષદ યજ્ઞાદિ વિશેની જાણકારી આપેલ.

## આર્યસમાજ - ટંકારા

### ટંકારામાં હસમુખરાય પરમાર સાહેબની વાર્ષિક પુણ્યતિથિમાં અનોખી શ્રદ્ધાંજલી

**આપનું જીવન એ જ આપનો સંદેશ**



**સ્મૃતિશેષ હસમુખભાઇ ધરમશીભાઈ પરમારને શ્રદ્ધાંજલી**

આર્યસમાજ ટંકારા ત્રણ હાટડી શેરી માટે જ નહી પરંતુ સમગ્ર ટંકારા માટે અતિ દુઃખનો દિવસ હતો. આખુ વર્ષ જેની યાદમાં ટંકારાવાસીઓ વિકટ સ્થિતિ અનુભવતા હતા. તેની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સાચા અર્થમાં હૃદયથી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

ટંકારાના પ્રત્યેક વિસ્તાર અને ઘરોમાં યજ્ઞની જ્યોતિ પ્રગટાવવામાં આવી હતી. અને પોતાના જ આત્મજંન એવા પરમાર હસમુખરાયને શ્રદ્ધાંજલી આપવવામાં આવી હતી. ઘણા પરિવારોએ પોતાના ઘરે યજ્ઞો કર્યા હતા. ઘર ઉપર **ઓ૩મ્ ધ્વજ** ફરકાવવામાં આવ્યા હતા. ટંકારા વિસ્તારમાં ૧૦૦ થી વધુ ઘરમાં યજ્ઞ કરી લોકોએ પરમાર સાહેબને વિશેષ શ્રદ્ધાંજલી આપી હતી. આર્યસમાજ મંદિર ટંકારામાં Zoom App ના માધ્યમથી ઓન લાઈન શ્રદ્ધાંજલી સભા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતના વિવિધ જિલ્લા ઉપરાંત મુંબઈ અને દિલ્લીથી પણ અનેક લોકો જોડાયા હતા. આર્યસમાજ ટંકારા ખાતે હસમુખરાય પરમારની સ્મરણિકાનું વિમોચન આચાર્ય સત્યજીતજી, વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ દ્વારા કરાયેલ.પરમાર સાહેબની સ્મૃતિમાં રૂ/ ૧૦ લાખના ખર્ચે **અગ્નિહોત્ર રથ** બનાવવામાં આવ્યો છે. આભાર દર્શન પરમાર સાહેબના લઘુભ્રાતા અશોકભાઇ આર્ય દ્વારા કરવામાં આવેલ.

સ્મૃતિશેષ હસમુખરાય પરમાર આર્યસમાજ ટંકારાનું મંત્રી પદ ઘણા વર્ષ સુધી સંભાળ્યું તથા અનેક પ્રવૃત્તિ થકી આર્યસમાજ ટંકારાની જ્યોતિ દેશ-વિદેશમાં પ્રસરાવી હતી. દૈનિક યજ્ઞ, સાપ્તાહિક યજ્ઞ, આયુર્વેદિક ઔષધાલય, પુસ્તકાલય, અંત્યેષ્ટિ સંસ્કાર, અનાથ-વિધવા રાશન સહાય, બાલવાડી, **આર્યવીર દળ તથા આર્યવીરાંગના** દળ, વૈદિક પાઠશાળા થકી

નવયુવાનોની એક આર્ય ફૌજ તૈયાર કરવી જેવા તેમના અનેક કાર્યોને કારણે યુવાનોની આર્યસમાજ તરીકે ટંકારા આર્યસમાજની ગણતરી થાય છે. તેમના દ્વારા ચલાવવામાં આવતી 'આર્ય વૈદિક દર્શન' નામની માસિક પત્રિકાના સંપાદકની જવાબદારી સંભાળવી, આર્યસમાજ ટંકારાના ઉપપ્રધાન, મહર્ષિ દયાનંદ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી, આર્યવીર દળ ગુજરાતના સંચાલક, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના મંત્રી, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મંત્રી, સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના સદસ્ય, એમ.પી. દોશી વિદ્યાલયના ટ્રસ્ટના મંત્રી, દયાનંદ વિદ્યાલય સંકુલના સંચાલક આવા અનેક હોદા ઉપર તેમણે પુરા ખંતથી કામગીરી કરી હતી અને આર્ય જગતમાં કર્મઠ કાર્યકર્તાની છાપ ઊભી કરી શકયા હતા.

આર્યસમાજ રાજકોટ

આર્યસમાજ માયાણીનગર રાજકોટ દ્વારા શ્રાવણી પર્વ, સ્વતંત્ર્ય દિવસ તથા વૈદિક સત્સંગ યજ્ઞો યોજવવામાં આવ્યા હતા.

વર્તમાનમાં કોરોના મહામારીના કારણે સમાજ મંદિરમાં કોઈ કાર્યક્રમ ન રાખતા શ્રાવણી પર્વ નિમિત્તે સર્વ પરિવારોને ઓનલાઈન કનેકટ કરીને સમાજના કર્મચારી દ્વારા યજ્ઞ કરવામાં આવેલ હતો. પ્રત્યેક સભ્યોએ પોતાના ઘરે પંડિતજીની સૂચના મુજબ યજ્ઞોપવિત પરિવર્તન કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં મંત્રીશ્રી પ્રવિણભાઇ ઠાકરે આ નવતર પ્રયોગ માટે સૌને અભિનંદન આપેલ તથા કાર્યક્રમની રૂપરેખા દર્શાવી. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી રણજીતસિંહ પરમારે હૈદ્રાબાદ સત્યાગ્રહના શહીદોને યાદ કરી વૈદિક ધર્મ માટે આપેલ બલિદાનની પ્રશંસા કરી શ્રદ્ધાંજલી આપેલ હતી. આભાર દર્શન અને શાંતિ પાઠ સાથે કાર્યક્રમ પૂરો થયો હતો.

તા. ૧૫ મી ઓગષ્ટે સવારે ૮ : ૩૦ વાગ્યે આર્યસમાજના પદાધિકારી અને આર્યવીર દળના યુવકોની ઉપસ્થિતિમાં પ્રમુખશ્રી રણજીતસિંહ પરમારે ધ્વજારોહણ કરેલ હતું. અને પ્રસંગોચિત પ્રવચનકરેલ હતું.



પ્રતિવર્ષ યોજાતા યજુર્વેદ સપ્તાહને આ વર્ષે કોરોના મહામારીના કારણે રદ કરવું પડેલ હતું. પરંતુ તેના બદલે આર્ય પરિવારોના ઘેર જઈને વૈદિક યજ્ઞ-સત્સંગ આર્યસમાજના પંડિતો દ્વારા કરવામાં આવેલ હતા. બધાં જ પંડિતોએ આ કાર્યને સુપેરે પુરૂ કરેલ હતું. આર્ય પરિવારના ઘેર ૫૫ સ્થળોએ વૈદિક યજ્ઞ રાખવામાં આવેલ હતા.

## આર્યસમાજ - જુનાગઢ

સ્વાતંત્ર્ય પર્વ પર જુનાગઢ આર્યસમાજ દ્વારા ધ્વજવંદનો કાર્યક્રમ આયોજિત થયો હતો. જેમાં લોકડાઉન દરમિયાન જુનાગઢ જિલ્લામાં એન.સી.સી. ના ૫૦ છાત્રોએ સેવા આપેલી તેઓને આર્યસમાજ જુનાગઢ ખાતે કોરોના વોરિયર્સ ના રૂપમાં બોલાવી તેમના હાથે ધ્વજવંદન કરાવી







તેઓનું સન્માન કરેલું. સાથે આર્યા મહિલા મંડળ દ્વારા દેશભક્તિ પર ઓનલાઈન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલુ તેમનું પરિણામ સ્વાતંત્ર્ય દિવસે જાહેર કરીને વિજેતા બહેનોને પુરસ્કાર આપેલ. બધાએ સાથે મળીને રાષ્ટ્રીય રક્ષા યજ્ઞમાં આહુતિ આપેલ તેમજ બધાએ સાથે મળી અલ્પાહારનો આનંદ માણેલ.

**(અનુસંધાન પા. નં. ૧૮ પરથી ચાલુ)**

મારો ભોગ મારા ભાગના પ્રમાણથી વધી ન જાય, એવું ન થાય કે હું ઓછા પૈસા આપી અધિક કિંમતનો માલ ખરીદું અથવા છેતરપીંડી કરીને માલની યોગ્ય કિંમત ન આપું.

ભોગ અને ભાગનું પ્રમાણ આ મંત્રનો મૂળ મંત્ર છે, એને સારી રીતે સમજી યાદ કરી રાખવો જોઈએ, આનાથી આપણા સૌનું કલ્યાણ થશે.

(અનુસંધાન પા. નં. ૧૨ પરથી ચાલુ)

મેં હલબ અને ઈસકંદરૂનામાં જઈને જોયું કે તુર્કીના યુવકો યુરોપના દીવાના છે. બુરખો અને દાઢીથી તેમને નફરત છે. તેઓ અરબી લિપિની જગ્યાએ લેટિનને સ્વીકારવા ઈચ્છે છે. કુરાન મજીદને વિશેષ પ્રેમ કરતા નથી. ધર્મના રક્ષક મૌલવીઓનું પણ તેમની સામે કંઈ ચાલતુ નથી.

લગભગ છ મહિના સુધી મારા પુસ્તકો તુર્કીમાં વહેંચાતા હતા. જેનો લોકો પર ઘણો પ્રભાવ પડ્યો હતો. જેમ જેમ મેં તુર્કીના પ્રદેશોમાં વૈદિક ધર્મનો પ્રચાર કર્યો, એ પ્રભાવ વધતો જ રહ્યો. બે મહિના પછી 'અતના' માં તુર્કીના યુવાનોએ જોરદાર દેખાવો કર્યા. પરિણામે તુર્કી સરકાર તરફથી ઘોષણા કરવામાં આવી કે દાઢી અને બુરખાને છોડીને અંગ્રેજી ફેશનને સ્થાન આપવામાં આવશે અને અરબી લિપિની જગ્યાએ લેટિન ભાષાનું પ્રચલન શરૂ કરવામાં આવશે. તુર્કીના નવયુવાનો સુધારાના હિમાયતી હતા, પણ રૂઢિચુસ્ત લોકો તેમનો વિરોધ કરતા હતા. એ બંને વચ્ચે તેના કારણે વારંવાર ઘર્ષણ ચાલતું રહેતું.

જ્યારે તેમની વચ્ચે સંઘર્ષ ચાલતો હતો ત્યારે સરકારે મને 'અતના'ના 'મદરેસા તલ' અર્થાત્ કન્યા પાઠશાળામાં કેટલાય દિવસો સુધી કેદ રાખ્યો અને સૈનિકોનો પહેરો પણ ગોઠવ્યો. જ્યારે શાસક પક્ષને સફળતા મળી તો દાઢી અને બુરખાને તો તિલાંજલી આપી દેવાઈ. સાથોસાથ તુર્કી ટોપી પણ ફેંકાઈ ગઈ. હવે તુર્કી લોકો હેટ સાથે મળતી આવતી એક ટોપી પહેરે છે તેને 'શબકા' કહે છે. જે યુનાની ઈસાઈઓની નકલ છે. 'અસ્સલામ અલૈકુમ' નુ સ્થાન 'બંજૂ' (અર્થાત્ નમસ્તે) એ લીધું છે. ચાર લગ્ન કરવા કાયદાની વિરુદ્ધ ગણવામાં આવ્યું. એક ઘોષણા એ પણ હતી કે નમાજ અદા કરવા માટે મસ્જિદ ઉપર ઊભા રહીને જે 'અજાન' આપવામાં આવે છે, તે પણ અરબી નહીં પણ તુર્કી ભાષામાં થશે.

---

**સૂચના........**

આર્ય વૈદિક દર્શન માસિકમાં આવતા લેખો, મંતવ્યો વિશે આપના તરફથી સૂચનો અને અભિપ્રાયો આવકારીએ છીએ.

આપના તરફથી વિચારોં અને લેખન સામગ્રી મોકલવા વિનંતી છે.

## ઘનઘોર જંગલમાં...

પ્રવક્તા : મહાત્મા આનંદ સ્વામી
અનુવાદક : દયાલ આર્ય

### પ્રથમ દિવસ

ગતાંકથી આગળ ....

**ओ३म् त्वं हिन: पिता वसो त्वं माता शतक्रतो बभूविथ अधाते सुम्नमीमहे।**

આંખથી આપણે વેદ, ઉપનિષદ અને બીજાં શાસ્ત્રોનો અભ્યાસ કરીએ છીએ. કાનથી આપણે સુંદર મજાનો ઉપદેશ સાંભળીએ છીએ. હાથોથી દાન આપીએ છીએ, યજ્ઞ કરીએ છીએ, મનથી આપણે યોગસાધના કરીએ છીએ તો એ બધા દુશ્મન કેવી રીતે હોઈ શકે? ના એ દુશ્મન નથી. તેના દમનનો અર્થ તેને દબાવી દેવી અથવા તેનો નાશ કરી નાખવો નથી, પરંતુ તેને વશમાં રાખવી એ છે. એવી અવસ્થા ઉત્પન્ન કરવી કે તે આપણી ઈચ્છાનુસાર ચાલે, આપણે તેની ઈચ્છાનુસાર ન ચાલીએ. તેની ઈચ્છા મુજબ મનુષ્ય ચાલવા માંડે તો વિનાશને પ્રાપ્ત થાય છે. હવે જુઓ, આ મન છે ને, એ બહુ જ દૂર દૂર જાય છે. તમે અહીં બેઠા છો, સત્સંગ ચાલી રહ્યો છે. આનંદ સ્વામી કથા કરી રહ્યા છે અને મન આ હોલની દીવાલો બહાર રીડિંગ રોડથી દૂર કોઈ મોટર અથવા બસ અથવા સ્કૂટર અથવા સાઈકલ વિના ચાંદની ચોકમાં 'ઘંટાવાળાની દુકાન' પર પહોંચી ગયું છે. અને ત્યાં વાહ! કેવા કેવા લાડવા અને હલવાઓ પડયા છે. સાટા અને જલેબી, રસગુલ્લાં અને ગુલાબજાંબુ પડયા છે. મન મહારાજ કહે છે રસગુલ્લાં સારાં છે, જાંબુ સારાં છે.

ત્યાર પછી પગ દોડવા માંડે છે અને ચાંદની ચોકની તે દુકાને પહોંચે છે. આંખ જુએ છે - વાહ કેવાં સુંદર મિષ્ટાન્ન રાખેલાં છે, જીભ કહે છે કે જલદી કરો. તેને ઉપાડીને મારી પાસે લઈ આવો. જોતા નથી? મને પાણી છૂટી રહ્યું છે. પછી હાથ આગળ વધે છે. થાળીમાંથી એક જલેબી, એક રસગુલ્લો ઉપાડીને મુખને હવાલે કરી દે છે. જીભ કહે છે, વાહ આનંદ આવી ગયો, પરંતુ ત્યારે દુકાનદાર લાકડી લઈને ઊઠે છે, બૂમ પાડે છે ચોર, આ માણસ ચોર છે. માર પડે છે, માથું ફૂટે છે, ધરપકડ થાય છે અને ભાઈશ્રી પહોંચી જાય છે, કોટવાળાના હવાલામાં. આનંદ સ્વામીની કથાથી જે લાભ મળી શકે તેમ હતો તે તો કચરા ભેગો થઈ ગયો અને શ્રીમાનજી જેલમાં પહોંચી જાય છે.

આ વિનાશ ઈન્દ્રિયોને વશમાં ન રાખવાથી થાય છે અને આ તો એક ઈન્દ્રિયની વાત થઈ. આવી રીતે એક-એક ઈન્દ્રિય મનુષ્યને ખાડામાં લઈ જઈને ફેંકી દે છે, જ્યાંથી બહાર નીકળતાં કેટલાંય જન્મો લાગી જાય છે. ભગવાને આ ઈન્દ્રિયો એટલા માટે નથી આપી કે આપણે તેના દાસ બની જઈએ પરંતુ એટલા માટે આપી છે કે એ આપણી ગુલામ બનીને આપણી ઈચ્છાનુસાર કામ કરે. એટલા માટે પ્રજાપતિએ કહ્યું, "ઇન્દ્રિયોનું દમન કરો, વશમાં રાખો. તેને સ્વતંત્ર અને સ્વચ્છંદ ન બનવા દો. ઈન્દ્રિયોનું દમન કરવાનું બીજું નામ જ તપ છે."

ઋગ્વેદાદિભાષ્યભૂમિકામાં મહર્ષિ દયાનંદ કહે છે, "જેવી રીતે સોનાને અગ્નિમાં નાખીને તેનો મેલ દૂર કરવામાં આવે છે, તેવી રીતે સદ્‌ગુણો અને ઉત્તમ આચરણોથી પોતાના હૃદય, મન અને આત્માના મેલને દૂર કરી શકાય છે." આ તપ છે. આ છે તપનું વાસ્તવિક સ્વરૂપ.

તમે કહેશો કે અમે હરદ્વાર અને ઋષિકેશમાં બીજાં કેટલીય જાતનાં તપ જોયા છે. કેટલાય લોકો ગરમીના દિવસોમાં બળબળતા તાપમાં બેસીને પોતાની ચારેબાજુ અગ્નિ સળગાવે છે અને તેની વચ્ચે બેસે છે. આવી રીતે 'પંચાગ્નિ' તપ કરે છે. કેટલાય બીજા મનુષ્યો પોતાના પગોને કોઈ ઝાડ સાથે બાંધીને ઊંધે માથે લટકે છે. કેટલાય દિવસો સુધી લટકતા જ રહે છે. બીજા કોઈ લોકો પોતાનો એક હાથ ઉપર જ રાખે છે, વર્ષો સુધી અદ્ધર જ રાખ્યા કરે છે. હાથ સૂકાઈને સાંઠી બની જાય છે. એ હાથ કાંઈ કામનો રહેતો નથી. કેટલાય એવા માણસો છે જે પોતાના હાથથી ભોજન નથી કરતા, પાણી પણ નથી પીતા, કોઈ બીજા ખવડાવે તો ખાય છે. નહીંતર ભૂખ્યા બેસી રહે છે. શું આ પણ તપ છે?

હા, એ પણ તપ છે પરંતુ બહુ જ હલકા પ્રકારનું. એ નીચલી શ્રેણીનું અને માનસિક તપ છે. તેથી લાભ નથી થતો પરંતુ નુકસાન થાય છે. એ તપનું ગીતામાં તેમજ અને યોગદર્શનમાં પણ ખંડન કરેલ છે. જેનાથી શરીરની ધાતુઓ બળી જાય અને તે કોઈ કામનું ન રહે તે તપ શા કામનું? ભગવાન કૃષ્ણે ગીતામાં ત્રણ પ્રકારના તપનું વર્ણન કરેલ છે. શારીરિક - જે શરીરથી કરવામાં આવે. વાચિક - જે વાણીથી કરવામાં આવે અને માનસિક - જે મનથી કરવામાં આવે.

હવે એ શારીરિક તપ શું છે? તેનો ઉત્તર આપતાં ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે -

**देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम्।**

**ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥**

દેવ અર્થાત્ દેવતાઓની પૂજા. પરંતુ દેવતા કોણ છે? આ સંસારમાં દેવતા જડ અને ચેતન એમ બે પ્રકારના છે. જડ દેવતા સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, વાયુ, જળ, અગ્નિ અને આકાશ વગેરે છે.

અને તેની પૂજા કેવી રીતે કરવી જોઈએ? શું ધૂપ, દીપ, ફૂલ, મીઠાઈ અને તિલક વગેરેથી? ના. એ અની પૂજાની વિધિ નથી. અહીં પૂજાનો અર્થ છે સત્કાર કરવો, યોગ્ય રીતે ઉપયોગ કરવો. તેના દ્વારા ફાયદો મળેવવો. અને યોગ્ય અવસ્થામાં રાખવાનો પ્રયત્ન કરવો. એ જ એની પૂજા છે. અને માટે આપણા પૂર્વજોએ 'દેવયજ્ઞ' નું વિધાન કર્યુ છે. એ યજ્ઞમાં કેટલો આનંદ છે, કેટલી મસ્તી છે, કેટલી મહાનતા છે એ જોવું હોય તો પ્રાતઃકાળ આર્યસમાજ મંદિરમાં આવીને જુઓ. દરરોજ સવારે છ વાગ્યાથી ..... કેમ ભાઈ! સવારે છ વાગ્યાથી યજ્ઞ શરૂ થાય છે ને?

હા, પ્રાતઃ છ વાગ્યાથી આઠ વાગ્યા સુધી દરરોજ પૂજ્ય મહાત્મા આનંદ ભિક્ષુજી મહારાજ ઘણા જ પ્રેમથી અહીં યજ્ઞ કરાવે છે. તેઓની યજ્ઞ કરાવવાની, વેદમંત્રો બોલવાની અને આહુતિ આપવાની શૈલી એટલી મધુર છે કે પાસે બેઠેલો વ્યક્તિ આનંદથી નાચી ઊઠે છે. એ આહુતિઓ અગ્નિમાં પહોંચીને સંસારના દરેક સ્થાન પર પહોંચે છે. સૂર્ય, વાયુ, જળ, પૃથ્વી, આકાશ વગેરે પ્રત્યેક દેવતાઓને શક્તિ મળે છે. દરરોજ આપણા શરીરમાંથી જે ગંદકી આપણે ફેલાવીએ છીએ તેને દૂર કરવાનો ઉપાય આ દેવયજ્ઞ છે. તેથી દેવતા પ્રસન્ન થાય છે. વરસાદ યોગ્ય સમયે થાય છે. એવું નહીં કે કયાંક ખૂબ જ વૃષ્ટિ થઈ અને ક્યાંક છાંટોય વરસાદ ન પડે. એમ નહીં કે ક્યાંક એટલી બધો તડકો પડે કે ખેતર જ બળી જાય અને ક્યાંક એટલી બધી ઠંડી કે હિમ પડે કે પાક જ બળી જાય. દેવયજ્ઞથી રોગોની નાશ થાય છે. ઔષધિઓમાં શક્તિ આવે છે. દરેક આહુતિ કરોડગણી શક્તિ મેળવીને પાછી મનુષ્ય પાસે આવે છે, તેનું કલ્યાણ કરે છે અને જ્યારે લોકો દેવયજ્ઞના એ માર્ગને છોડી દે છે ત્યારે દેવતાઓ પણ મનુષ્યોને છોડી દે છે. યજુર્વેદના બીજા અધ્યાયમાં બહુ જ સુંદર શબ્દોમાં કહ્યું છે–

**कस्तवा विमुञ्चति स त्वा विमुञ्चति कस्मै त्वा विमुञ्चति तस्मै त्वा विमुञ्चति । पोषाय रक्षसां भागोऽसि ।(२/२३)**

પ્રશ્ન કરનાર પૂછે છે કે, "**कस्तवा विमुञ्चति**" કોને તે પરમાત્મા છોડી દે છે? કોને તે દેવતા છોડી દે છે? ઉત્તર મળે છે "**स त्वा विमुञ्चति**" પરમાત્મા તેને છોડી દે છે જે દેવયજ્ઞને છોડી દે છે. પ્રશ્ન થાય છે "**कस्मै त्वा**

विमुञ्चति'' પરમાત્મા શા માટે છોડી દે છે? ઉત્તર મળે છે - કારણ કે દેવયજ્ઞ છોડી દીધો છે. હવન કરનાર સારા સુગંધિત પદાર્થો અગ્નિમાં નાખે છે જેથી બધાનું ભલું થાય છે. જે એવી રીતે નથી કરતા, જે યજ્ઞ કર્યા વિના જમે છે ત્યારે તે રાક્ષસોનો ભાગ બની જાય છે. આ દેવયજ્ઞનો મહિમા છે. આપણે યજ્ઞ કરવાના છોડી દીધા એથી પ્રકૃતિમાં ગરબડ થવા માંડી. કોઈ સ્થળે એટલો વરસાદ થાય છે કે રેલને કારણે ગામનાં ગામ તણાઈ જાય છે જ્યારે કોઈ સ્થળે ટીપુંય પડતું નથી અને પાણી વિના મનુષ્ય તથા ઢોર મરવા માંડે છે. આ સંકટોથી બચવું હોય તો યજ્ઞ આરંભ કરો, દેવતાઓની પૂજા કરો. તેઓ પણ તમોને પ્યાર કરશે.

કેટલાય માણસો કહે છે કે આર્યસમાજીઓ પણ ખરા છે. આજકાલ ખાવા માટે તો ઘી મળતું નથી, તેને એ લોકો અગ્નિમાં બાળી નાખે છે. ઘી ખરેખર મોંઘું થઈ ગયું છે. કેમ ભાઈ! આજકાલ શું ભાવ છે? લગભગ સાત આઠ રૂપિયે શેર મને તો ખબર નથી. મને તો લાલા મેલારામજી બહુ જ સારું ઘી ખવડાવે છે. કેમ ખરીદે છે તે તો તેઓ જાણે. અત્યારે ઘી મોઘું છે. આપણે ફકત ઘી જ નહિ પરંતુ અન્ન, મીઠાઈ, ખીર અને એવી કેટલીય ચીજો તેમજ સુગંધિત વસ્તુઓ યજ્ઞમાં નાખીએ છીએ. તેથી કેટલાય ભાઈઓ કહે છે આ શું કહો છો? જે વસ્તુઓ ખાવા નથી મળતી તેને સળગાવીને ફૂંકી મારો છો.

સાંભળો મારા ભાઈઓ! અમે એ વસ્તુઓને નષ્ટ કરતા નથી, પરંતુ તેની શક્તિને હજાર, લાખ, કરોડ ગણી વધારી નાખીએ છીએ. અગ્નિની સાથે મળીને તેની શક્તિ એટલી બધી વધી જાય છે કે જોનાર અને સમજનારને આશ્ચર્ય થાય છે. લાલ મરચાં છે ને? તેને એક માણસ ખાય તો સીસકારા કરવા માંડે છે. તેનું મોઢું બળવા માંડે છે. તેની બાજુમાં બેઠેલ વ્યક્તિને ખબર પણ પડતી નથી કે મરચું કેટલું તીખું છે. પરંતુ એ મરચાંને અગ્નિમાં નાખી... તો આખો મહોલ્લો છીંકો ખાવા માંડશે. સેંકડો લોકોની આંખોમાંથી પાણી નીકળવા માંડશે. સેંકડો લોકોનાં નાકમાં બળતરા ઊપડશે. આ અગ્નિ સાથે મળવાથી પદાર્થોની શક્તિ વધવાનો નમૂનો છે અને આ માઈક્રોફોન છે ને? હું તેમાં બોલું છુ, અગ્નિનું એક રૂપ વીજળી છે. તેની સાથે મારો અવાજ મળે છે અને દૂર-દૂર સુધી, આ મકાનની બહાર, સડકોની સામે મારો અવાજ સાંભળે છે.

ક્રમશઃ ......

# સ્વર્ણ પથ

સ્વામી જગદીશ્વરાનંદ

# શત્રુદમન

**प्रमृणीहि शत्रून्** (યજુ. ૧૩-૧૩)

**(शत्रून्) શત્રુઓને (प्रमृणीहि) કચરી નાખ!**

વેદ શત્રુઓની સાથે પ્યાર કરવાનો આદેશ આપતો નથી. વેદ તો શત્રુઓને મોતના ઘાટ ઉતારી નાખવાનો, શત્રુઓની છૂંદી નાખવાનો આદેશ આપે છે. વેદ આપણને કાયર અને ડરપોક નહિ બની વીર બનવાનો આદેશ આપે છે. જ્યારે શત્રુ આપણા પર આક્રમણ કરે છે ત્યારે તેના છકકા છોડાવી દેવાનો આદેશ આપે છે, તેમને મસળી નાખવાનો અને છૂંદી કાઢવાનો સંદેશ આપે છે. વેદ કહે છે -

હે વીર! રણધીર! જે શત્રુ તારા દેશ પર આક્રમણ કરવા માટે ખરાબ દૃષ્ટિ કરે તે રાક્ષસની બંને આંખોને ફોડી નાખ! તેના હૃદયને ચીરી નાખ! તેની જીભ કાપી નાખ અને દાંત તોડી નાંખ! જે આતતાયી (શત્રુ) તમારા દેશની સીમામાં પગ મૂકે તેના પગને તું કાપી નાખ, તેના હાથને તું તોડી નાખ ! જે શત્રુ દેશ પર આક્રમણ કરે તેને સંપૂર્ણ રીતે તું નષ્ટ કરી દે!

જ્યારે પણ દેશ પર આફત આવી, ભારતના વીરોએ સાબિત કરી દેખાડયું છે કે શત્રુઓએ વૈદિક સિંહોની ગુફામાં હાથ નાખ્યો છે. ભારત માતાના નૌનિહાલો! ઊઠો, અને શત્રુને ભગાડી દો ! ગભરાવાની કે ડરવાની કોઈ વાત નથી. તમારી શક્તિ મહાન છે. તમે અજય અને દુર્જેય છો. વૈદિક વીરો! હુણ અને શકોને તમે તો હરાવ્યા હતા! ઘોરી અને સિકંદરને તમે તો પરાજિત કર્યા હતા! હમણાં થોડા વર્ષો પહેલાં જ અંગ્રેજોને તમે તો ભગાડયા હતા! હજુ પણ તમારે જ દેશની સ્વતંત્રતાનું જતન કરવાનું છે.

**બઢે ચલો એ વીર જવાનો! ચિન્તા કી હૈં કયા બાત.**
**જબ ક્રૂર ભેડિયે ભગા દિયે, તો ભેંડોં કી ક્યા ઔકાત!**

વીર બહાદુરો! જે સમયને માટે ક્ષત્રાણીઓ પોતાના પુત્રોને જન્મ આપે છે, તે સમયને હંમેશા યાદ રાખો! સાવધાન! સમય આવે ત્યારે એવું

ભીષણ યુદ્ધ કરો કે એક પણ શત્રુ બચીને ભાગી ન જઈ શકે! એવું યુદ્ધ કરો કે શત્રૂની લાશોથી લોહીની નદીઓ વહી નીકળે! શત્રૂઓની લાશોથી પૃથ્વી ઢંકાઈ જાય અને એ લાશોને કાગડા, સમડી અને ગીધડાં નોચી નોચીને ખાઈ જાય.

કોઈ પણ શાસ્ત્રમાં કે કોઈ પણ રાજનીતિમાં શત્રુ પર દયા કરવાનું વિધાન નથી અને વિશ્વાસ કરવાનું વર્ણન પણ નથી. શત્રુ તો બાળક હોય કે વૃદ્ધ, સ્ત્રી હોય કે પુરુષ, વધને જ લાયક છે. જેવી રીતે ખાંડણિયામાં ચટણી પીસાવામાં આવે છે, ઠીક તેવી જ રીતે શત્રુના માથાને કચરી નાખવું જોઈએ. તેના હાડકા - પાંસળાં તોડી કાઢવાં જોઈએ. તેનું માન મર્દન કરવું જોઈએ. દેશના સેનાનીઓ! રણભેરીનો નાદ સાંભળી શત્રુનો સંહાર કરવા માટે ફોજ સાથે નીકળી પડો!

**રણભેરી બજ ચુકી જવાનોં! માં ને તુમ્હેં પુકારા,**
**દુર્ગા બનકર ચલો દેવિયોં! લેકર તીવ્ર દુધારા.**

# યોગીરાજ શ્રીકૃષ્ણજી સંધ્યોપાસના કરતા



યોગીરાજ શ્રીકૃષ્ણજી વેદ-વેદાંતના અદ્વિતીય વિદ્વાન, દાની, દયાળુ, શાલીન, ચતુર, નમ્ર, વિવેકી, તેજસ્વી, ધૈર્યવાન, સંતોષી, નીતિજ્ઞ, તપસ્વી, બલવાન, કર્તવ્યશીલ, **વ્યવહારકુશલ, પરાક્રમી, રાજધર્મ ના ઉપદેષ્ટા, સંયમી, સદાચારી, શૂરવીર, સુદર્શનચક્રધારી અને એક પત્ની વ્રતધારી હતા.**

# આર્યાભિવિનય

इदं मे ब्रह्म च क्षत्रं चोभे श्रियमश्नुताम् ।
मयि देवा दधतु श्रियमुत्तमां तस्मै ते स्वाहा ।। यजु. ३२-१३

**વ્યાખ્યાન :-** હે મહાવિદ્યાવાન, મહારાજ, સર્વેશ્વર! અમારા ब्रह्म (વિદ્વાન) અને क्षत्रम् (રાજા તથા રાજ્ય, મહાચતુર, ન્યાયકારી, શૂરવીર રાજાદિ ક્ષત્રિય) એ બંને આપની અનંત કૃપાથી યથાવત્ (અનુકૂળ) બનો. શ્રિયમ્ અમને સર્વોત્તમ વિદ્યાદિ લક્ષણયુક્ત મહારાજ્યશ્રી પ્રાપ્ત થાઓ. હે દેવાઃ વિદ્વાનો! દિવ્ય ઈશ્વર-ગુણ, પરમ કૃપા આદિ, ઉત્તમ વિદ્યાદિ લક્ષણયુક્ત શ્રી મારામાં અચળતા (સ્થિરતા) થી ધારણ કરાવો. હું તેને અત્યંત પ્રીતિથી સ્વીકાર કરું અને એ શ્રીનો વિદ્યાદિ સદ્‌ગુણ અથવા સર્વ સંસા નાં હિત માટે તથા રાજ્ય આદિની વ્યવસ્થા માટે વ્યય કરું.

BOOK-POST

RNI Registrat
Posted at Raj
Postal Regd.

**પ્રેષક :**
**આર્ય વૈદિક દ**
**આર્યસમાજ -**
**પિન: ३६३६૧...**

Publisher and Printer SURESHCHANDRA B. AGRAWAL on I ... ATINIDHI SABHA
Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabna, Arya... ja, Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11,Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL